ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની જી. પી. ધાનકા હાઈસ્કૂલમાં 'અંગદાન જાગૃતિ અભિયાન' કાર્યક્રમ યોજાયો



**દાહોદ :** જી.પી. ધાનકા હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓમાં સામાજિક ઉત્તરદાયિત્વ અને માનવતાના મૂલ્યો કેળવાય તે હેતુથી 'અંગદાન જાગૃતિ અભિયાન' અંતર્ગત એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્ય ક્ર મની શરૂઆતમાં શાળાના આચાર્ય બાલકૃષ્ણ ચાપા સાહેબે ઉપસ્થિ ત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ અંગદાનનું મ હત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, અંગદાન એ મહાદાન છે અને તેના દ્વારા અનેક જરૂરિયાતમંદ વ્યક્તિઓને નવજીવન આપી શકાય છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શ્રી ધમુભાઈ પંચાલે વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં અંગદાન અંગે સમાજમાં રહેલી ગેર માન્યતાઓ દૂર કરવા અને જાગૃતિ કેળવવા પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### કાલોલ શહેરમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત પાંચ આંગણવાડીના 'આંગણ મિલન સેવા કાર્યક્રમ' યોજાયો



**કાલોલ :** રાજ્ય સરકારના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત કાલોલ નગરમાં આવેલ પાંચ આંગણવાડી કેન્દ્રોના કાર્યક્રમ આયોજન સેટકો સંચા લિત આં ગણવાડી કેન્દ્ર ખાતે કાલોલ નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઇ મકવાણા અને જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ શૈફાલીબેન ઉપાધ્યાય, કાલોલ શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઇ પારેખ સાથે ન ગરપાલિકાના કારોબારી સમિતિના ચેરમેન જ્યોત્સનાબેન બેલદાર ની ઉપસ્થિતિમાં 'આંગણ મિલન સેવા કાર્યક્રમ' ઉત્સાહભેર યોજાયો હતો.

### સુખસરના મકવાણાના વરુણા ખાતે આવેલ નાલંદા શિક્ષણ સંકુલને ખેલ મહાકુંભ-2026માં સિદ્ધિ મળી



**સુખસર :** ખેલ મહાકુંભ-2026 અંતર્ગત યોજાયેલી અંડર-17 કબડ્ડી સ્પર્ધામાં નાલંદા શિક્ષણ સંકુલ મકવાણાના વરુણા સુખસરની ટીમે શાળા કક્ષા તથા તાલુકા કક્ષાએ વિજેતા બની ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.નાલંદા શિક્ષણ સંકુલના વિદ્યાર્થી ખેલાડીઓએ પોતાની મહેનત,શિસ્ત, ટીમવર્ક અને ઉત્કૃષ્ટ રમતગમત કૌશલ્યના આધારે શાળા તથા તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી વિજય મેળવ્યો હતો. આ સફળતા બદલ ટીમના કોચ મનીષા મેડમના માર્ગદર્શનને પણ વિશેષ શ્રેય આપવામાં આવે છે. સાથે જ શાળાના આચાર્યશ્રી,શિક્ષકગણ અને સમગ્ર શાળા પરિવારે ખેલાડીઓની આ સિદ્ધિને બિરદાવી હતી.

### કાલોલની એમ.એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં તમામ પેપરની ઓનલાઇન ક્વિઝ યોજાઈ




**પાવાગઢ :** યાત્રાધામ પાવાગઢમાં આગા મી આ સો ન વરાત્રી માં જગત જનની મા મહાકાળી ના સાનિધ્ય મા પાવાગઢ તળેટી મા આવેલ સાનિધ્યઈન (સેવક ફાર્મ ) ના પા ટ ગ ન મા જે શ્વેતામ્બર દિગંબર જૈન મંદિર આવેલ છે ત્યાં વિ શ્વ વિખ્યાત રાધે રાધે પરિવાર દ્વારા દેવી ભાગવતનું આયોજન ક રવાં મા આવેલ છે તારીખ 11.10. 26 થી 19.10.26 એટલે કે આસો સુદ એકમ થી આસો સુદ નવમી સુધી દરરોજ સવારે ન વ કલાક થી બપોરે એક વાગ્યાં સુધી વક્તા શ્રી પૂજ્ય જીગ્નેશ દા દા ના સ્વમુખે દેવી ભાગવત નું રસપાન થનાર છે એક બાજુ મા જગત જનની ના નોરતા સાલું થશે અને જીગ્નેશદાદાની કથા હોઈ પાવાગઢમા ભારે જન મેદાની ઉમટશે તેવું જણાઈ રહેલ છે

### દેવગઢબારિયામાં રોજગારીના અભાવે પરિવારોનું પલાયન, લોકોને રોજગારીના ફાફા પડ્યા



**દાહોદ :** દેવગઢ બારીયા તાલુકા સહિત દાહોદ જિલ્લા ના મોટાભાગના તાલુકાઓમાં સ્થાનિક કક્ષાએ ની રોજગારી માટેનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે. દેવગઢબારિયા તાલુકા માં ૮૨ ગામડામાં મોટા ભાગના ખેડૂત પ રિવારો ખેતી અને પશુપાલન કરી પોતાનું તથા પોતાના પરિવા રનું ભરણ પોષણ કરે છે કેન્દ્ર સરકાર દ્વારા સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તે માટે વીબીજીરામજી યોજના અમલમાં મૂકી છે પરંતુ આ યોજના અંતર્ગતની કામગીરીમાં દેવગઢબારિયા તાલુકાના ગ્રામીણ પરિવાર માંથી કેટલા વ્યક્તિને રોજગારી મળી? અને તેમના ખાતામાં કેટલા રૂપિયા જમા થયા? એ મુદ્દાઓ તપાસનો વિષય છે. દેવગ ઢબા રિયા તાલુકામાં રોજગારી ના કોઈ સ્ત્રોત નહીં હોવાથી ગ્રામીણ પ્રજા કામધંધો અને રોજગારી માટે મોટા શહેરો તરફ પરિવાર સાથે જતા હોય છે. ઘણા સંજોગોમાં તેમના બાળકોને અભ્યાસ છોડાવી સાથે લઈ જતા હોય છે જે સત્ય અને નક્કર હકીકત છે.

**ગોધરામાં એમજીવીસીએલ અને પોલીસનું મેગા સર્ચ ઓપરેશન**

## ગોધરામાં ૯૧ ગ્રાહકો પાસેથી એક કરોડની વીજ ચોરી ઝડપાઈ

(પ્રતિનિધિ) ગોધરા, તા.30

ગોધરા શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં વહેલી સવારે મધ્ય ગુજરાત વીજ કંપની અને પંચમહાલ પોલીસ તંત્રની સંયુક્ત ટીમો દ્વારા હાથ ધરવામાં આવેલા મેગા વીજ ચેકિંગ અભિયાનમાં અંદાજિત એક કરોડ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ છે. આ મેગા ઓપરેશનમાં કુલ ૧૯૯૭ જેટલા વીજ કનેક્શનોની સઘન તપાસ કરવામાં આવી હતી જેમાંથી ૯૧ ગ્રાહકો દ્વારા ગેરકાયદેસર રીતે વીજળીનો વપરાશ થતો હોવાનું સામે આવતા વીજ ચોરી કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જીયુવીએનએલ અને એમજીવીસીએલ વિભાગની




આશરે ૫૫ જેટલી ટીમોએ પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત સાથે ગોધરાના સિંગલ ફળિયા, સાતપુલ, ચુચલા પ્લોટ, પોલન બજાર, મન્સૂરી સોસાયટી, જહુરપુરા, નૂરાની મસ્જિદ, શેખ મઝાવર રોડ, છકડાવાડ અને વાલી ફળિયા સહિતના વિસ્તારોમાં આકસ્મિક દરોડા પાડ્યા હતા. વ્યાપક સ્તરે હાથ ધરાયેલી આ કાર્યવાહી દરમિયાન પશ્ચિમ વિસ્તારમાં કેટલાક વીજ ગ્રાહકો દ્વારા ચેકિંગ કરવા ગયેલી વીજ કંપનીની ટીમ અને સ્થાનિક પોલીસ સાથે રકઝક કરવામાં આવી હતી. જોકે, પોલીસે સમયસૂચકતા વાપરીને લોકોને સમજાવતા મામલો થાળે પડ્યો હતો અને ચેકિંગની કામગીરી આગળ વધી હતી. વીજ ચેકિંગ દરમિયાન પકડાયેલા ૯૧ કસૂરવાર ગ્રાહકો સામે વીજ કંપની દ્વારા કડક અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ તમામ ગ્રાહકોને દંડનીય રકમના પુરવણી બિલ આપીને નાણાં ભરવા માટે સત્તાવાર નોટિસ પાઠવવામાં આવશે. આ સાથે જ આ તમામ ગ્રાહકો સામે નિયમોનુસાર દંડાત્મક અને ફોજદારી કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. આ મેગા ડ્રાઈવથી વીજ ચોરી કરતા લોકોમાં સ્પષ્ટ અને કડક સંદેશ પહોંચાડવામાં આવ્યો છે.

**હાલોલના રાણીપુરા ગામનો બનાવ**

## પરિણીતાએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(પ્રતિનિધી) હાલોલ, તા.30

હાલોલ તાલુકાના રાણીપુરા ગામે ભાડાના મકાનમાં રહેતી મૂળ બિહારની ૨૩ વર્ષીય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર લોખંડની પાઈપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. સમગ્ર બનાવ અંગે હાલોલ રૂરલ પોલીસ મથકે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

મૂળ બિહારના કટિહાર જિલ્લાના વતની બિશાલસિંગ વિરેન્દ્રસિંગ સિંગ પંચમહાલના મસવાડ જી.આઈ.ડી.સી. સ્થિત કંપનીમાં પેઈન્ટર તરીકે ખાનગી નોકરી કરે છે અને રાણીપુરા ગામે ખુમાનસિંહ પ્રભાતસિંહ પરમારના મકાનમાં પત્ની પલ્લવી તથા બે વર્ષની પુત્રી આયશા સાથે છેલ્લા પાંચેક મહિનાથી ભાડે રહેતા હતા. ગત તા. 29/09/2026 ના રોજ સવારે ઘરે રસોઈ બનાવવા બાબતે સામાન્ય વાતચીત બાદ બિશાલસિંગ પોતાની દીકરી સાથે નજીકની દુકાને મેગી લેવા ગયા હતા.ત્યારબાદ પરત આવતા ઘરનો દરવાજો અંદરથી બંધ જણાયો હતો. પત્નીએ બૂમો પાડવા છતાં દરવાજો ન ખોલતાં આસપાસના પાડોશીઓ એકત્ર થઈ ગયા હતા. પતરા પરથી અંદર જઈને જોતાં પલ્લવીબેન લોખંડની પાઈપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતા મળી આવ્યા હતા.સ્થાનિકોની મદદથી તેમને તાત્કાલિક નીચે ઉતારી સારવાર અર્થે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

**કાલોલ મામલતદારની કાર્યવાહી**

## અલીન્દ્રા ચોકડી પાસેથી ગેરકાયદેસર લાકડા ભરેલું ટ્રેક્ટર ઝડપી પાડ્યું



(પ્રતિનિધી) કાલોલ, તા.30

કાલોલ મામલતદાર અને તેમની ટીમ દ્વારા ગેરકાયદેસર વહન અને પ્રવૃત્તિઓ સામે ઝુંબેશ તેજ કરવામાં આવી છે. તે અંતર્ગત આજ રોજ અલીન્દ્રા ચોકડી પાસેથી ગેરકાયદેસર રીતે લાકડાનો જથ્થો ભરીને જઈ રહેલા એક ટ્રેક્ટરને ઝડપી પાડવામાં આવ્યું છે. કાલોલ મામલતદારની ટીમે અલીન્દ્રા ચોકડી પાસે શંકાસ્પદ રીતે પસાર થઈ રહેલા એક ટ્રેક્ટરને અટકાવ્યું હતું. મામલતદાર ટીમે ટ્રેક્ટર ચાલક પાસે લાકડાના પરિવહન અંગેની જરૂરી પાસ કે પરમિટની માંગણી કરી હતી. જોકે, ચાલક પાસે કોઈ પણ પ્રકારની અધિકૃત પાસ-પરમિટ મળી આવી નહોતી. તપાસ દરમિયાન ટ્રેક્ટરનો નંબર GJ 17 CE 3089 હોવાનું અને તેના ચાલક/માલિકનું નામ ગણપતસિંહ ફતેસિંહ ગોહિલ હોવાનું ખુલવા પામ્યું હતું. વગર પાસ-પરમિટના લાકડાની હેરાફેરી મામલે મામલતદાર કચેરી દ્વારા તુરંત જ વન વિભાગ (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ)ને જાણ કરવામાં આવી હતી.

**દેવગઢ બારીઆ રમતગમત સંકુલમાં સુરક્ષાના નામે છીંડા !**

## સુરક્ષા જાળીઓ તૂટેલી, 300થી વધુ રમત વીરોની સુરક્ષા સામે સવાલો

(પ્રતિનિધી) દાહોદ, તા.30

દેવગઢ બારીયા તાલુકા મથકે આવેલ સ્વ. જયદીપસિંહજી રમતગમત સંકુલમાં સુરક્ષાના નામે છીંડા પડી ગયા હોય તેવી સ્થિતિ સામે આવતા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. સંકુલમાં ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલ આવેલી છે અને તેમાં 300થી વધુ રમતવીરો રહી વિવિધ રમતોની તાલીમ લઈ રહ્યા હોવાનું જાણવા મળે છે. આવી સ્થિતિમાં સંકુલની સુરક્ષા વ્યવસ્થા કેટલી મજબૂત છે તે અંગે હવે ચર્ચા શરૂ થઈ છે. સંકુલના મુખ્ય પ્રવેશદ્વાર પાસે સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે, જેથી કોઈ અજાણ્યા કે અસામાજિક તત્વો અંદર પ્રવેશી ન શકે. પરંતુ બીજી તરફ સંકુલની ચારે તરફ આવેલી વોલ ઉપર સુરક્ષાના હેતુથી લગાવવામાં આવેલી જાળીઓ છેલ્લા કેટલાક સમયથી તૂટેલી હાલતમાં જોવા મળી રહી છે. તૂટેલી જાળીઓના કારણે બહારથી કોઈ વ્યક્તિ સરળતાથી સંકુલની અંદર પ્રવેશી શકે તેવી સ્થિતિ સર્જાઈ હોવાનું સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે. એક તરફ ગેટ પર સુરક્ષા અને બીજી તરફ તૂટેલી જાળીઓ તો પછી આ સુરક્ષા વ્યવસ્થાનો હેતુ શું? એવો સીધો સવાલ હવે ઉઠી રહ્યોછે. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે અગાઉ સંકુલમાં તસ્કરીની ઘટના બની ત્યારે તૂટેલી જાળીઓવાળા માર્ગનો ઉપયોગ થયો હોવાની વાત સામે આવી હતી. સદનસીબે તે સમયે કોઈ મોટી નુકસાની થઈ નહોતી. તેમ છતાં અગાઉના બનાવોમાંથી બોધપાઠ લેવાને બદલે જો આજે પણ સુરક્ષાની જાળીઓ તૂટેલી જ રાખવામાં આવી હોય તો જવાબદારી કોની? તે પણ તપાસનો વિષય છે. સૌથી ગંભીર બાબત એ છેકે અહીં 300થી વધુ રમતવીરો, જેમાં યુવતીઓ અને યુવાનોનો સમાવેશ થાય છે, તેવો રહેતા હોવાની માહિતી છે. આવી સંવેદનશીલ જગ્યાએ સુરક્ષાની વ્યવસ્થામાં કોઈ ખામી રહે અને તેના કારણે કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી કોણ સ્વીકારશે? તંત્ર કોઈ ઘટના બને તેની રાહ જોઈ રહ્યું છે કે પછી સમયસર સુરક્ષાની ખામીઓ દૂર કરશે? તેવી લોકચર્ચાઓ ચાલે છે.

### શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

(પ્રતિનિધિ) ગોધરા તા.30

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અંતર્ગત ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કારકિર્દી ઈન્ફોર્મેશન સેન્ટર (વડોદરા) તેમજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી (ગોધરા, પંચમહાલ) ના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલસચિવ ડૉ. અનિલભાઈ સોલંકીએ આ સેમિનારના મહત્વ વિષે વાત કરી હતી. સેમિનારમાં ખાસ ઉપસ્થિત અંજનાબેન પટેલે યુવાનોને વિદેશ જવા માટેના સાચા અને કાયદેસરના માર્ગો, પાસપોર્ટ અને વિઝા મેળવવાની ઓનલાઈન સત્તાવાર પ્રક્રિયા તેમજ એજન્ટો દ્વારા થતી છેતરપિંડીથી કેવી રીતે બચવું તે અંગે ખૂબ જ મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**બારોબાર મંડળી રચીને કારોબારીની રચના કરી, મેનેજર સહીત સભ્યો ફરાર**

## ફતેપુરા મોટા કદની ખેતી વિષયક કાર્યકારી સહકારી મંડળીની સામાન્ય સભામાં હોબાળો

(પ્રતિનિધિ) સુખસર,તા.30

ફતેપુરા ધી મોટા કદની ખેતી વિષયક કાર્યકારી સહકારી મંડળીની સાધારણ સભામાં હોબાળો થયો હતો જેના કારણે મેનેજર સહિત અન્ય સભ્યો સ્થળ છોડી ફરાર થઈ ગયા હતા.ફતેપુરા મોટા કદની ખેતી વિષયક કાર્યકારી સહકારી મંડળી વારંવાર કોઈને કોઈ વિવાદો રહે છે. ત્યારે આજરોજ દાહોદ જિલ્લા રજીસ્ટારે મંડળીની કારોબારી મિટિંગ યોજીને રિપોર્ટ કરવાનો જણાવ્યું હતું તેના સંદર્ભે આજરોજ ભુરીભા પાર્ટી પ્લોટ ખાતે કાર્યકારી સહકારી મંડળીની મીટીંગ યોજવામાં આવી હતી.આ મિટિંગમાં મંડળીની આવક જાવક હોવાથી સંભળાવવામાં આવી હતી તથા નફા નુકસાનની વાત કરવામાં આવી હતી.ત્યારબાદ મંડળીની કમિટીની રચના કરવામાં આવી હતી.વિસેક જેટલા સભ્યોનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારે વારંવાર મેનેજરને રજૂઆત કરવા છતાં પણ તેઓ મિટિંગમાં ઉપસ્થિત રહ્યા ન હતા. વારંવાર મેનેજરને કમિટી વિશે પૂછવા છતાં કોઈપણ જવાબ આપ્યો ન હતો.કે ન કોઈ ખેડૂત સભ્ય સાથે વાત કરી હતી. અને સ્થળ છોડીને ફરાર થઈ ગયા હતા.ત્યારે આગળથી આયોજન કરીને આવેલા મેનેજર તેમજ કારોબારીના સભ્યો દ્વારા કંઈક મોટું રંધાઈ રહ્યું હોય તેવું જાણવા મળી રહ્યું છે.અન્ય સભ્યોનો આટલો મોટો હોબાળો હોવા છતાં પણ કોઈ પણ વાતની ચર્ચા વિચારણા કર્યા વગર આટલી મોટી સહકારી મંડળીની રચના કઈ રીતે કરી દેવામાં આવી? કેમ કોઈ ખેડૂતની વાત સાંભળવામાં ન આવી?વારંવાર એલાઉન્સમેન્ટ કરવા છતાં પણ કમિટીના સભ્યો કેમ ન આવ્યા? વારંવાર મંડળીની કમિટી બંધ બારણે રચી દેવામાં આવે છે. જેના કારણે ઘણા બધા ખાતેદારો તેમજ સભ્યોને ભારે નુકસાની વેઠવાનો વારો આવે છે. ત્યારે આવી બંરધાણે રચેલી કમિટીને દૂર કરીને ખાતેદારોના હિતમાં નિર્ણય લેવામાં આવે તથા ખેડૂત ખાતેદારો તેમજ અન્ય સભ્યો દ્વારા વોર્ડ રચના કરીને ઈલેક્શન કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

### લીમખેડાના ખીરખાઈ ગામ પાસે અકસ્માતમાં ૧૦ને ઈજા થઇ

(પ્રતિનિધી) હાલોલ, તા.30

મધ્યપ્રદેશ ખાતે આવેલ બાબા રામદેવના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. અને બપોરના સમય દર્શન કરી પરત ફરતી વખતે લીમખેડાના ખીરખાઈ ગામની પ્રાથમિક શાળા નજીક તુફાન ગાડીના ચાલક લાલાભાઈ નવલસિંહ ભાઈ બારીયા રહે. વટેડાનાઓએ પોતાના કબજાની તુફાન જીપ ગાડી પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી સામેથી આવતી એક મોટરસાયકલને જોશભેર ટક્કર મારી, સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા તુફાન ગાડી રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં જીપમાં સવાર ૧૦ જેટલા લોકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે લીમખેડા સરકારી દવાખાને અને ત્યાર બાદ વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

**આસો નવરાત્રી નિમિત્તે ગુજરાત એસટીની તૈયારીઓ**

## પાવાગઢના યાત્રાળુઓ માટે ગોધરા ડીવિજન ૫૫ વધારાની બસો મૂકશે

**નવરાત્રિ** દરમિયાન વિભાગના વિવિધ અધિકારીઓ દ્વારા સતત રાઉન્ડ ધી ક્લોક હાજર રહીને મોનીટરીંગ કરવામાં આવશે

(પ્રતિનિધિ) હાલોલ, તા.30

આગામી દિવસોમાં શરૂ થઈ રહેલા પવિત્ર આસો નવરાત્રીના તહેવાર દરમિયાન પાવાગઢ ખાતે માતાજીના દર્શનાર્થે આવતા દર્શનાર્થીઓ અને મુસાફરોની સુવિધા માટે એસ.ટી. વિભાગ, ગોધરા દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. એસટી વિભાગ દ્વારા તારીખ ૧૧/૧૦/૨૦૨૬ થી તા. ૨૬/૧૦/૨૦૨૬ સુધી પાવાગઢ રૂટ માટે ૫૫ જેટલી વધારાની બસો ફાળવવામાં આવી છે. આ વ્યવસ્થાનું સુચારુ સંચાલન થાય તે માટે એસ.ટી. વિભાગના ૨૫૦ જેટલા કર્મચારીઓને 'રાઉન્ડ ધી ક્લોક' ફરજ સોંપવામાં આવી છે. મુસાફરોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સ્થળ પર મંડપ, બેઠક વ્યવસ્થા, પીવાના શુદ્ધ પાણીની સુવિધા તેમજ બસમાં ચડવા-ઉતરવા માટે ક્યુ સિસ્ટમ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. આ સમગ્ર વ્યવસ્થા પર વિભાગના વિવિધ અધિકારીઓ દ્વારા સતત રાઉન્ડ ધી ક્લોક હાજર રહીને મોનીટરીંગ કરવામાં આવશે. ગોધરા એસ.ટી. વિભાગીય નિયામક દ્વારા તમામ ધર્મપ્રેમી જનતા તથા દર્શનાર્થીઓને આ સુંદર અને સુચારુ એસ.ટી. સુવિધાનો લાભ લેવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

**રેકડીઓવાળા સામે દાહોદ નગરપાલિકાની લાલ આંખ**

## દાહોદના ગોધરા રોડ પર આવેલી 'રજવાડી ચા'ની દુકાન સીલ કરી

રાત્રિ દરમિયાન ચેકિંગ હાથ ધરી દંડ ફટકાર્યો છે

(પ્રતિનિધિ) દાહોદ, તા.30

દાહોદ શહેરમાં સ્વચ્છતા અને આરોગ્યના નિયમોનું પાલન ન કરતા વેપારીઓ સામે નગરપાલિકાએ કડક વલણ અપનાવ્યું છે. ગોપરા રોડ ખાતે આવેલી જાણીતી 'રજવાડી ચા'ની દુકાનમાં ગંદકી અને અસ્વચ્છતા અંગે વારંવાર ફરિયાદો મળતાં નગરપાલિકા તંત્ર દ્વારા આકરા



પગલાં ભરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, ગોધરા રોડ પર આવેલી રજવાડી ચા ની દુકાન સામે સ્વચ્છતાના અભાવ અંગે સ્થાનિકો અને ગ્રાહકો તરફથી સતત રજૂઆતો મળી રહી હતી. જેને ધ્યાને રાખીને નગરપાલિકાના ચીફ ઓફિસર સહિતની ઉચ્ચ ટીમે રાત્રિ દરમિયાન અચાનક ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન દુકાનમાં ભારે અસ્વચ્છતા જોવા મળતાં તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે વેપારી સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને દુકાનને સીલ મારી દેવામાં આવ્યું હતું.

### ભથવાડા ટોલનાકા પાસેથી રૂ.૨.૬૮ લાખના વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

**પોલીસે** કારચાલક સહિત અન્ય એક ઇસમને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધી) દાહોદ, તા.30

પીપલોદ પોલીસ સ્ટેશનની ટીમ ભથવાડા ટોલનાકા ખાતે વાહન ચેકિંગ કરી રહી હતી દરમિયાન બાતમીના આધારે દાહોદ તરફથી આવતી જીજે-05-આરએસ-2658 નંબરની સફેદ કિયા સેલ્ટોસ કારને અટકાવી તલાશી લીધી હતી. કારમાંથી હાઈ રેન્જ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે રાજસ્થાનના નવલગઢ તાલુકાના ફગોડિયા કી ઢાણી, રામપુરા ચિરાણાના પીન્ટુ બદ્રીપ્રસાદ ગુર્જર અને સિકર જિલ્લાના ખોરી રામપુરા રઘુનાથ ગામના સંતોષકુમાર જંડુરામ કુમાવતની અટકાયત કરી હતી. પોલીસે બંને પાસેથી રૂ.4 હજારના બે મોબાઈલ ફોન અને રૂ.5 લાખની કાર સહિત કુલ રૂ.7.72 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. બંને સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.આમ તહેવારોની સીઝનમાં દારૂની હેરાફેરીને અટકાવવા માટે પોલીસે પણ સતર્ક બની બુટલેગરો પર તવાઈ બોલાવી રહી છે.

### પંચમહાલ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં ગ્રામ સભા યોજાશે

(પ્રતિનિધિ) ગોધરા, તા.30

આગામી ૨જી ઓક્ટોબર ૨૦૨૬ના ગાંધીજયંતીના પાવન અવસર પર પંચમહાલ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગ્રામસભાઓમાં ગ્રામીણ સુવિધાઓ, સરકારી સેવાઓમાં સુધારા અને ગ્રામીણ વિકાસના વિવિધ મુદ્દાઓ પર ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવશે. જિલ્લા પંચાયત દ્વારા તમામ ૭ તાલુકાઓ (ગોધરા, શહેરા, મોરવા-હડફ, ઘોઘંબા, હાલોલ, કાલોલ અને જાંબુઘોડા) માટે જિલ્લા કક્ષાના નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.